**ફોજદારી કેસ નંબર:– ૧૨૭૩૫/૨૦૨૩**

## આંક–૧ હેઠળ હુકમ.

સદર કામનું કેસ રેકર્ડ આજરોજ હાથ પર લઈ વંચાણે લીધુ. સદર કામે આરોપી સામેનો ગુનો ધ્યાને લેતા આરોપી સામે ધી પ્રોહી એકટની કલમ–૬૬(૧)(બી) હેઠળના ગુનાનો આક્ષેપ છે તથા સદર ગુનો સમન્સ ટ્રાયેબલ ગુનો છે તેમજ આરોપી સામે ૨૦૨૩ માં ચાર્જશીટ દાખલ થયેલ છે જેથી આરોપી સામેનો કેસ પોલીસ રીપોર્ટના આધારે દાખલ થયેલ છે તથા આ ચાર્જશીટ દાખલ થયા બાદ આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવા અવારનવાર સમન્સ/વોરંટ કાઢવા છતા આરોપીને હાજર રાખવામાં પોલીસ એજન્સી સદંતર નિષ્ફળ રહેલ છે. તદઉપરાંત આરોપીને હાજર ન રાખવા અંગે કોઈ યોગ્ય અને વ્યાજબી કારણ રજુ નથી, જેથી આરોપી સામેનો કેસ ઘણા લાંબા સમયથી ચાલતો હોવા છતાં આરોપીને હાજર રખાવી શકેલ ન હોય તથા નજીકના ભવિષ્યમાં આરોપી મળી આવે તેવી કોઈ શકયતા જણાતી ન હોય જેથી આવા અસામાન્ય તથા વિશીષ્ટ સંજોગોમાં આરોપી વિરુધ્ધની ન્યાયીક કાર્યવાહી વિના વિલંબે આગળ ચલાવવી અત્યંત મુશ્કેલ અને અશકય જણાતુ હોય ફો.કા.અ.ની કલમ– ૨૫૮ અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

આથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૮ અન્વયે આરોપી સામેની કાર્યવાહી પડતી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં એવો હુકમ કરવામાં આવે છે કે, આરોપી જયારે મળી આવે ત્યારે તેઓ સામેની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવા ફરીયાદપક્ષ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૦(૫) અન્વયે કાર્યવાહી કરી શકશે.

હુકમ આજરોજ તારીખ ૧૪ મી માર્ચ ૨૦૨૬ ના રોજ મેજીસ્ટટરીયલ સ્પેશીયલ સીટીંગમાં જાહેર કર્યો.

અમદાવાદ (ગ્રામ્ય).
તા. ૧૪–૩–૨૦૨૬

(એસ.પી.ચોપરા)
જયુડી.મેજી.ફ.ક.,
અમદાવાદ (ગ્રામ્ય)
(કોડ–જીજે૦૧૩૭૭)